| | | |
|---|---|---|
| રજુ તારીખ | :– | ૨૨.૦૮.૨૦૨૫ |
| દાખલ તારીખ | :– | ૨૨.૦૮.૨૦૨૫ |
| ફેંસલ તારીખ | :– | ૦૬.૦૩.૨૦૨૬ |
| સમય ગાળો | :– | વર્ષ માસ દિવસ |
| | | ૦૦–૦૬–૧૨ |

## FORM-A

| | |
|---|---|
| **મે. ખેડા જીલ્લાનાં સ્પેશ્યલ (ઇલેકટ્રીસીટ) અને પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ:– નડીયાદ.** | |
| **ચુકાદાની તા. ૦૬.૦૩.૨૦૨૬** | |
| **સ્પેશ્યલ ઈલકેટ્રીસીટી કેસ નં.૬૮૦/૨૦૨૫** | |
| **ગુનો:-** જી.યુ.વી.એન.એલ., પોલીસ સ્ટેશન, નડીયાદ ફસ્ટ ગુના રજી. નં. ૨૧૪૭/૨૦૧૯, ધી ઈલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)(એ) મુજબ. | |
| **ફરિયાદી** | સરકાર શ્રી |
| **ફરિયાદી તરફે** | વિ. એડી. પી. પી. શ્રી એસ.આર.ભટ્ટ |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | **સોમાભાઇ મોહનભાઇ ચૌહાણ,** ઉ.વ. ૫૦,<br>રહેવાસી:- પીપલવાડા, પંચવટી ફળીયુ.<br>હાલ રહેવાસી:- નાપા તલાવડી સીમ, તા.ઠાસરા, જી.ખેડા. |
| **આરોપીઓ તરફે** | વિ.વ.શ્રી એમ.આર.ભોજાણી |

## FORM-B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૧૫.૦૭.૨૦૧૯ |
| **એફ.આઇ.આર.ની તારીખ** | ૧૯.૦૭.૨૦૧૯ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૧૦.૦૬.૨૦૨૫ |
| **તહોમતનામુ ફરમાવ્યા તારીખ** | ૦૧.૧૧.૨૦૨૫ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૧૪.૧૧.૨૦૨૫ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | |
| **ચુકાદાની તારીખ** | ૦૬.૦૩.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો.** | |

| આરોપીની માહિતી | |
|---|---|
| **આરોપી** | **સોમાભાઇ મોહનભાઇ ચૌહાણ,** ઉ.વ. ૫૦, રહેવાસી:- પીપલવાડા, પંચવટી ફળીયુ. હાલ રહેવાસી:- નાપા તલાવડી સીમ, તા.ઠાસરા, જી.ખેડા. |
| **ધરપકડની તારીખ** | |
| **જામીન ઉપર છુટવાની તારીખ** | |
| **ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ** | ધી ઇલેકટ્રીસીટી એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)(એ) |
| **નિર્દોષ કે દોષિત** | **નિર્દોષ** |
| **સજા લાદવામાં આવી** | |
| **કલમ ૪૨૮ ક્રિમીનલ પ્રોસીજર કોડના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** | |

## FORM–C

### પ્રોસીકયુશન / ડીફેન્સ / કોર્ટનાં સાક્ષીઓની યાદી

**A. પ્રોસીકયુશન:–**

| રેન્ક | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| **૧.** | અશ્વીનભાઇ શંકરભાઇ ચૌધરી | **ફરિયાદી** | **૦૭** |
| **૨.** | નરવતભાઇ બુધાભાઇ રાઠોડ | **પંચ સાહેદ** | **૧૪** |
| **૩.** | અમીતભાઇ જયંતીભાઇ પરમાર | **ચેકીગ અધિકારી** | **૧૬** |
| **૪.** | એ.એસ.આઇ.શ્રી ઠાકોરભાઇ મોહનભાઇ દેવડા | **ત.ક.અ.** | **૧૭** |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો:-**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**C. કોર્ટનાં સાક્ષીઓ, જો કોઇ હોય તો:–**

| રેન્ક | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

**પ્રોસીકયુશન / બચાવપક્ષ/કોર્ટના આંકની સુચિ.**

**A. પ્રોસીકયુશનઃ-**

**(બ) દસ્તાવેજી પુરાવાઓઃ-**

| અ.નં. | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૮ |
| ૨. | ગ્રાહકનું નિવેદન | ૦૯ |
| ૩. | એનેક્ષર ''સી'' | ૧૦ |
| ૪. | પરીશિષ્ટ જી પુરવણી બીલ | ૧૧ |
| ૫. | સપ્લીમેન્ટ્રી બીલ | ૧૨ |
| ૬. | અગાઉના ગુનાની ફરિયાદ | ૧૩ |
| ૭. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૫ |

**B. બચાવપક્ષઃ-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**C. કોર્ટથી આંકઃ-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**D. મટીરીયલ ઓબ્જેકટસઃ-**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટસ | વિગત |
|---|---|---|
| 1.M.O.1 | ૧. | વાયર |

**-:: <u>ચુકાદો</u> ::-**

૧. આરોપી વિરૂધ્ધ ધી ઇન્ડીયન ઇલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ ની કલમ –૧૩૫(૧)(એ) મુજબના ગુનાનું તહોમત છે.

૨. ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા.૧૫.૦૭.૨૦૧૯ ના રોજ કલાક ૦૭:૩૦ વાગ્યાનાં સુમારે મોજે ગામ પીપલવાડા, નાપા તલવાડી સીમ, તા.ઠાસરા, જી. ખેડા મુકામે સાહેદ નં. ૪ થી ૬ નાઓએ વીજ ચેકિંગની કાર્યવાહી કરતા આરોપીએ પોતાના ઘર નજીકમાં આવેલ હળવા દબાણના વીજ પોલ ઉપરના વીજ વાયરમાં પોતાનો ખાનગી વાયર જોડી, બિન અધિકૃત રીતે જોડાણ કરી, પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી

રૂા.૩૯૯૮.૮૧/– પૈસાની વીજ ચોરી કરતા બીજીવાર પકડાઈ જઈ ગુનો કરી, આરોપીએ ઈલેક્ટ્રીસીટી એક્ટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ (૧)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરતા ફરિયાદીએ ફરિયાદ જી.યુ.વી.એન.એલ., ખેડા–નડીઆદ પોલીસ સ્ટેશનમાં આપેલી.

૩. સદરહુ ફરિયાદ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, ખેડા–નડીયાદ ફ.ગુ.રજી.નં.૨૧૪૭/૨૦૧૯ થી નોંધી લેવામાં આવેલ. ત્યારબાદ ત.ક.અ. એ હાલનાં ગુનાની તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા વિ. જયુ. મેજી. ફ.ક. ઠાસરા કોર્ટમાં ઉપરોકત શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ કરેલ.

૪. વિદ્વાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ઠાસરાનાઓએ આરોપી ને સમન્સ ઈસ્યુ કરતા આરોપી અદાલત રૂબરૂ હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડ્યાની ખરાઈ કર્યા બાદ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવાની સત્તા સ્પેશ્યલ અદાલતને હોય સદરહું કેસ ટ્રાન્સમિટ કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સદરહું કેસ સ્પેશિયલ ઈલેક્ટ્રીસીટી કેસ નં.૬૮૦/૨૦૨૫ થી નોંધી લેવામાં આવેલ અને ઈન્સાફી કાર્યવાહી માટે સ્પેશ્યલ અદાલતને તબદીલ કરવામાં આવેલ.

ત્યારબાદ સમન્સની બજવણી થતાં આરોપી અદાલત રૂબરૂ હાજર થતાં આંક–૦૫ થી આરોપી વિરૂદ્ધ ઈલેક્ટ્રીસીટી એક્ટની કલમ–૧૩૫(૧)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવેલ. આરોપીએ આંક–૦૬ થી ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૫. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

૬. ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ તેના વિરુદ્ધના ઈન્ક્રીમીનેટીંગ સંજોગોનો ઈન્કાર કરી

તેઓ નિર્દોષ છે, તેમની તેમના વિરૂદ્ધ ખોટો કેસ કરવામાં આવેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે.

**૭.** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી વિ.એડી.પી.પી.શ્રી એસ.આર.ભટ્ટ તથા આરોપી તરફે વિ.વ.શ્રી એમ.આર.ભોજાણીની દલીલો સાંભળી.

**૭.૧** વિ. એડી.પી.પી. શ્રી એસ.આર.ભટ્ટ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, તા.૧૫.૦૭.૨૦૧૯ ના રોજ કલાક ૦૭:૩૦ વાગ્યાનાં સુમારે મોજે ગામ પીપલવાડા, નાપા તલવાડી સીમ, તા.ઠાસરા, જી. ખેડા મુકામે સાહેદ નં. ૪ થી ૬ નાઓએ વીજ ચેકિંગની કાર્યવાહી કરતા આરોપીએ પોતાના ઘર નજીકમાં આવેલ હળવા દબાણના વીજ પોલ ઉપરના વીજ વાયરમાં પોતાનો ખાનગી વાયર જોડી, બિન અધિકૃત રીતે જોડાણ કરી, પોતાના ઘરમાં ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરી રૂા.૩૯૯૮.૮૧/– પૈસાની વીજ ચોરી કરતા બીજીવાર પકડાયેલ છે. તેથી નાયબ ઈજનેરનાઓએ આરોપી વિરૂદ્ધ પોતાની લેખિત ફરિયાદ આપેલ છે. તે ફરિયાદના આધારે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવેલ છે.

**૭.૨** વધુમાં વિ. એડી.પી.પી. શ્રી એસ.આર.ભટ્ટ તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ તરફથી ફરિયાદી તથા ચેકિંગ કરનાર અધિકારીને તપાસવામાં આવેલ છે અને કુલ–૦૭ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. ફરિયાદપક્ષનાં તમામ સાહેદોએ એકબીજાને સમર્થનકારી પુરાવો આપેલ છે અને ફરિયાદીનાં પુરાવામાં તેમજ ચેકિંગ અધિકારીના પુરાવામાં દસ્તાવેજો સાબિત કરવામાં આવેલા છે. આ સાહેદોની ઉલટ તપાસમાં આ સાહેદોનાં પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ સાહેદોના પુરાવાને નહીં માનવાનું કોઈ કારણ રહેલું નથી.

**૭.૩** વધુમાં એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીનો આ બીજો ગુનો છે. આરોપી અગાઉ પણ વીજ ચોરી કરતા પકડાયેલા છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરી શકેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલો કરેલ છે.

૭.૪ બચાવ પક્ષે વિ.વ. શ્રી એમ.આર.ભોજાણી તરફથી એવી દલીલ કરવામાં આવેલ છે કે, બનાવ ગામ પીપલવાડા નાપા તલાવડી સીમ, તા.ઠાસરા મુકામે બનેલો છે. કહેવાતી જે જગ્યાએ રેઈડ કરવામાં આવેલ હતી તે જગ્યા કે ઘરની માલિકી આરોપીની હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ નથી. તેમજ આરોપી રંગે હાથ પકડાયેલ હોય તેવું બનેલ નથી. વધુમાં ફરિયાદ પક્ષ એ હકીકત પણ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, હાલની વીજ ચોરી માત્રને માત્ર હાલના આરોપીએ જ કરેલ છે. આ કામે કહેવાતો બનાવ તા.૧૫.૦૭.૨૦૧૯ નાં રોજ બનેલ છે અને ફરિયાદ તા.૧૯.૦૭.૨૦૧૯ નાં રોજ આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રિસિટી એક્ટનાં કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ ૨૪ કલાકની અંદર આપવી પડે, પરંતુ હાલની ફરિયાદ ૦૪ દિવસ મોડી આપવામાં આવેલ છે અને તે અંગેનો કોઈ ખુલાસો ફરિયાદ પક્ષ તરફથી કરવામાં આવેલ નથી. વધુમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું તા.૧૨.૦૪.૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ છે, એટલે પંચનામું પણ લગભગ ૦૫ વર્ષ, ૦૮ માસ અને ૨૮ દિવસ બાદ કરવામાં આવેલ છે. પંચ સાહેદે પંચનામાની હકીકતોને સંપુર્ણ સમર્થન આપેલ નથી, તેથી પંચનામું સાબિત થતું નથી. વધુમાં એવી દલીલ કરેલ છે કે, આ કામે તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લીધા નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે તેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવા ભારપૂર્વક દલીલો કરેલ છે. આ દલીલોના સમર્થનમાં નામદાર હાઈકોર્ટના '**સુરુભા રામભા વાઘેલા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ**' ના તથા '**સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ જશવંતભાઈ ઠાકોરભાઈ પટેલ**' ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

૮. આ કામે રેકર્ડ ઉપરની હકીકતો, રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને બંને પક્ષના વકીલોની દલીલોને ધ્યાને લેતા, આ

કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુ દા : : –**

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ બનાવની તારીખ, સમય અને સ્થળે વીજ કંપનીની હળવા દબાણની વીજ લાઈનમાં ખાનગી વાયર જોડી, ડાયરેક્ટ કરી, પોતાના ઘરમાં અનઅધિકૃત વીજ વપરાશ કરતા પકડાઈ જઈ, ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(એ) શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

**૯.** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) **નકારમાં.**

(૨) **આખરી હુકમ મુજબ.**

**મુદ્દા નં.૧.**

**૧૦.** પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ તરફથી ફરિયાદી અશ્વિનભાઈ શંકરભાઈ ચૌધરીને આંક–૦૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, તા.૧૫.૦૭.૨૦૧૯ ના રોજ તેઓ નાયબ ઈજનેર તરીકે ઠાસરા એમ.જી.વી.સી.એલ. માં ફરજ ઉપર હતા તે દિવસે તેઓનાં તાબા હેઠળનાં પીપલવાડા, દિપકપુરા, તા. ઠાસરા મુકામે વીજ ચેકિંગની કામગીરી રાખવામાં આવેલી. તે દિવસે સવારે ૦૭:૩૦ વાગ્યે જુનીયર ઈજનેર અમીત જયંતીભાઈ પરમાર, ઈલે. આસી. રમેશ કુલચંદ મકવાણા તથા ઈલે. આસી. જે.જે.વ્હોરાનાઓ એ બિન–ગ્રાહક સોમાભાઈ મોહનભાઈ ચૌહાણનાં ઘરે વીજ ચેકિંગ કરતા સદર ગ્રાહકે કાળા કલરનો વાયર હળવા દબાણની વીજ લાઈનનાં પોલ ઉપર લંગર લગાવી ઘરમાં અનઅધિકૃત વીજ વપરાશ કરતા પકડાયેલા તેથી સ્થળ ઉપરથી કાળા રંગનો વાયર કબજે લેવામાં આવેલ. ત્યારબાદ સ્થળ ઉપર ચેકિંગ શીટ બનાવવામાં

આવેલ. ત્યારબાદ કબજે કરેલ વાયર તથા ચેકિંગ શીટ ઠાસરા સબ ડિવિઝન માં જમા કરાવેલ. આરોપી અગાઉ પણ વીજ ચોરીમાં પકડાયેલા હતા. ત્યારબાદ આરોપીને વીજ ચોરીનું રૂા.૩,૯૯૮/- નું બિલ આપવામાં આવેલું. ત્યારબાદ બનાવની લેખિત ફરિયાદ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, નડીઆદમાં આપેલી અને કાળા કલરનો વાયર પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ. આંક-૦૮ થી રજુ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદે પોતાના પુરાવામાં આંક-૦૯ થી ૧૩ સુધીનાં દસ્તાવેજો રજૂ કરેલ છે.

**૧૦.૧** બચાવ પક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ વીજ ચેકિંગમાં ગયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રેડિંગ પાર્ટીએ મકાનની માલિકી કબજા ભોગવટાનો કોઈ પુરાવો મેળવી તેઓની સમક્ષ રજૂ કરેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, રેડિંગ પાર્ટીએ મુદ્દામાલનો કોઈ સીઝર મેમો બનાવેલો નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની ફરિયાદ તા.૧૯.૦૭.૨૦૧૯ નાં રોજ ૪ દિવસ બાદ આપેલી અને ફરિયાદ મોડી આપવાનું કોઈ કારણ તેમની ફરિયાદમાં જણાવેલું નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વીજ ચોરીની ફરિયાદ ૨૪ કલાકમાં દાખલ કરવી જોઈએ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ વાયર બજારમાંથી સહેલાઈથી મળી શકે.

**૧૦.૨.** સદર સાહેદનાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ પોતે ફરિયાદી છે અને તેઓ રેઈડમાં જનાર સાહેદ નથી. તેથી તેઓને બનાવની કોઈ જાતની માહિતી નથી અને તેઓની સમક્ષ જે દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલ છે તેના આધારે આ સાહેદે ફરિયાદ આપેલ છે અને ફરિયાદ સાથે ચેકિંગ શીટ તથા મુદ્દામાલ વાયર રજૂ કરેલ છે. આ સાહેદે આરોપીને વીજ ચોરી કરતા જોયેલ નથી કે આરોપીનાં ઘરે જ રેઈડ કરવામાં આવેલી અને વાયર જપ્ત કરવામાં આવેલો તે હકીકતની આ સાહેદને કોઈ જાણ નથી તેથી આ સાહેદનો પુરાવો ફોર્મલ છે. વધુમાં કહેવાતું ચેકિંગ તા.૧૫.૦૭.

૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ છે અને ફરિયાદ તા.૧૯.૦૭.૨૦૧૯ ના રોજ એટલે કે ૪ દિવસ મોડી કરવામાં આવેલ છે અને ફરિયાદ રેઈડ કર્યાના ૨૪ કલાક દરમિયાન આપેલ નથી. ફરિયાદ મોડી આપવા અંગેનો કોઈ જ ખુલાસો ફરિયાદમાં કે ફરિયાદીના પુરાવામાં કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદીનો પુરાવો માત્ર ફોર્મલ પુરાવો છે.

**૧૧.** પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ તરફથી પંચ સાહેદ નરવતભાઈ બુધાભાઈ રાઠોડને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે અને આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ કરવામાં આવેલ છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, આજથી આશરે છ માસ પહેલા પોલીસે તેમને પંચમા રહેવા માટે આરોપી સોમાભાઈ ચૌહાણનાં ઘરે બોલાવેલા અને તેમની સાથે બીજા પંચ તરીકે ભરતભાઈ બુધાભાઈ રાઠોડ હતા. પોલીસે સોમાભાઈ મોહનભાઈ ચૌહાણના મકાનમાં લાઈટ ચોરી થતી હોય લાઈટ ચોરીનું પંચનામુ કરેલુ. સોમાભાઈના ઘરની આગળ એક વીજ પોલ આવેલ હતો. સોમાભાઈનું ઘર કાચુ હતુ અને તેમના ઘરે વીજ મીટર ન હતુ. પોલીસે આ તમામ હકીકતો પંચનામામાં લખી લીધેલી. ત્યારબાદ તેઓએ તથા ભરતભાઈ બુધાભાઈએ પંચનામામાં સહી કરેલી.

**૧૧.૧** બચાવ પક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામુ તેમને લખાવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસે છ માસ પહેલા પંચમા રહેવા બોલાવેલા.

**૧૧.૨** સદર સાહેદનાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ પંચ સાહેદે માત્ર એટલો પુરાવો આપેલ છે કે, તેઓની હાજરીમા પંચનામુ કરવામા આવેલુ અને આ પંચનામુ સોમાભાઈ મોહનભાઈ ચૌહાણનાં ઘરનું કરવામાં આવેલુ અને તે જગ્યાએ એક વીજ પોલ આવેલ હતો. પંચનામુ જોવામાં આવે તો પંચનામુ તા.૧૨.૦૪.૨૦૨૫ નાં રોજ એટલે કે બનાવના લગભગ ૫ વર્ષ, ૦૮ માસ, ૨૮ દિવસ બાદ કરવામા આવેલ છે. માત્ર જગ્યાનું પંચનામુ કરવાથી એ હકીકત

સાબીત થતી નથી કે આરોપીએ કહેવાતી વીજ ચોરી કરેલ હતી. માત્ર પંચનામામા પંચની હાજરીમાં જગ્યાનું વર્ણન લખવાથી પણ એ હકીકત સાબીત થતી નથી કે આરોપીએ વીજ લઇનના વીજ પોલ ઉપરથી વધારાના વાયરની મદદથી ડાયરેકટ કરી વીજ ચોરી કરેલ હતી. કારણ કે કહેવાતો બનાવ તા.૧૫.૦૭.૨૦૧૯ ના રોજ બનેલો છે જયારે પંચનામુ તા.૧૨.૦૪.૨૦૨૫ ના રોજ એટલે કે પાંચ વર્ષ બાદ કરવામા આવેલ છે. આમ, આંક–૧૫ ના પંચનામાથી અને આ સાહેદના પુરાવાથી આરોપીની બનાવમાં સંડોવણી પ્રસ્થાપિત થતી નથી. આમ, આ પંચ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષને બીલકુલ મદદરૂપ થતો નથી.

**૧૨.** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી ચેકિંગ અધિકારી અમીત જયંતીભાઇ પરમારને આંક–૧૬ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, તેઓ સને–૨૦૨૪ માં એમ.જી.વી.સી.એલ., વીજીલન્સ સ્કોવડ, નડીયાદ ડીવીઝન મુકામે જુનીયર ઈજનેર તરીકે ફરજ ઉપર હતા. તા.૧૫.૦૭.૨૦૧૯ ના રોજ તેઓ તથા ઈલેકટ્રીક આસીસટન્ટ આર.એફ.પરમાર, જે.જે.વોરાનાઓ ઠાસરા તાલુકાના પીપલવાડા ગામે પંચવટી ફળીયામાં વીજ ચેકીંગની કામગીરીમાં ગયેલા ત્યારે સવારના ૦૭:૩૦ વાગ્યે બીન ગ્રાહક સોમાભાઇ મોહનભાઇ ચૌહાણનાં ઘરે વીજ ચેકીંગ કરતા સદર ઇસમે તેમનાં ઘર પાસેથી પસાર થતી હળવા દબાણની વીજ લાઈનનાં વાયરમાં લંગર લગાવી પોતાના ઘરના વાયરીંગમા જોઇન્ટ કરી ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા પકડાયેલા તેથી ખાનગી વાયર કબજે લેવામાં આવેલ, ત્યારબાદ સ્થળ ઉપર ચેકીંગશીટ ભરવામાં આવેલું અને આ ચેકીંગશીટમાં તેઓએ તથા સાથી કર્મચારીઓ અને આરોપીએ સહી કરેલી. ત્યારબાદ આરોપીને રૂા.૩,૯૯૮/– નું પુરવણી બીલ આપવામાં આવેલું. ત્યારબાદ કબજે કરેલો મુદ્દામાલ વાયર ઠાસરા સબ ડિવિઝનમાં જમા કરાવેલો. આરોપી આ અગાઉ પણ વીજ ચોરીમાં પકડાયેલ હતા. ત્યારબાદ નાયબ ઈજનેર શ્રી અશ્વીનભાઇ શંકરભાઇ ચૌધરીએ હાલનાં બનાવની ફરિયાદ આપેલી.

**૧૨.૧** બચાવ પક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના મકાનની આજુબાજુ બીજા ઘણા બધા મકાનો આવેલા છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના મકાનની માલીકી કબજા ભોગવટાનો કોઈ દસ્તાવેજી પુરાવા મેળવેલો નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પ્રકારનો વાયર બજારમાંથી સરળતાથી મળી રહે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે કોઈ સીઝર મેમો બનાવવામાં આવેલ નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ આરોપી હાજર ન હતો. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતી રેઈડ તા.૧૫.૦૭.૨૦૧૯ નાં રોજ કરવામાં આવેલ અને પોલીસે તેમનુ નિવેદન તા.૦૫.૦૮.૨૦૨૪ નાં રોજ પાંચ વર્ષ બાદ લીધેલુ.

**૧૨.૨** સદર સાહેદનાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવે છે અને તેઓ ચેકિંગ વખતે હાજર હતા. પરંતુ જે જગ્યાએ વીજ ચેકિંગ કરવામાં આવેલ તે જગ્યાની માલિકી કે કબજા ભોગવટાનો પુરાવો લીધેલ નથી. આ સાહેદે તથા તેમના સ્ટાફના માણસોએ સ્થળ ઉપર ચેકિંગ શીટમાં સહી કરેલી છે અને આરોપીની પણ તેમાં સહી લેવામાં આવેલ છે. માત્ર ચેકિંગ શીટમાં આરોપીની સહી હોવાથી આરોપીએ વીજ ચોરી કરેલ છે તેવી હકીકત માની શકાય નહીં. આ સાહેદનાં પુરાવા મુજબ આજુબાજુમાં ઘણા બધા લોકોના મકાનો પણ આવેલા હતા. આમ, આ સાહેદનો પુરાવો આરોપીને હાલના ગુના સાથે સાંકળવા માટે પર્યાપ્ત પુરાવો નથી.

**૧૩.** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી તપાસ કરનાર અમલદાર એ.એસ. આઈ. ઠાકોરભાઈ મોહનભાઈ દેવડાને આંક-૧૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ એવો પુરાવો આપે છે કે, સને-૨૦૨૦ માં તેઓ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન નડીઆદ ખાતે ફરજ બજાવતા હતા. જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, નડીયાદ ફ.ગુ.રજી.નં.૨૧૪૭/૨૦૧૯ ના ગુનાની તપાસ અગાઉ શ્રી ડી.કે.

જાની કરતા હતા અને તેઓની બદલી થતા સદરહું ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. તપાસના કામે ફરિયાદ, ચેકીંગ શીટ, અગાઉના ગુનાની એફ.આઇ.આર. મળેલ. ત્યારબાદ ગુનાના કામે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલા, તા.૧૨.૦૪.૨૦૨૫ નાં રોજ પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ, આંક–૧૫ ના પંચનામામા રૂબરૂ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે, આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલું. આરોપીને કોર્ટમાં ઓળખી બતાવે છે.

**૧૩.૧** બચાવ પક્ષનાં વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ સાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે જગ્યાએ વીજ ચોરી માલુમ પડેલી તે જગ્યાની માલીકી અને કબજો ભોગવટો કોનો હતો તે અંગેનો કોઇ પુરાવો તપાસનાં કામે કબ્જે કરેલો નહી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદામાલ વાયર પંચનામાની વિગત કબજે કરવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચનામુ બનાવનાં છ વર્ષ બાદ કરવામાં આવેલુ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને માત્ર જી.ઇ.બી.નાં કર્મચારીનાં નિવેદનો સને-૨૦૨૪ માં લીધેલા તે સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદનાં નિવેદન લીધેલ નથી.

**૧૩.૨** સદર સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ પોતે સદર ગુનાની તપાસ કરનાર સાહેદ છે અને તેઓએ તેમની તપાસ દરમિયાન કરેલ કાર્યવાહી સંબંધિત પુરાવો આપેલ છે. આ સાહેદે મુદ્દામાલ વાયર અંગેનું કોઈ પંચનામું કરેલ નથી. ગુનાવાળી જગ્યાનું પંચનામું બનાવના ૦૫ વર્ષ બાદ કરેલ છે. તેથી સ્વાભાવિક છે કે, ગુનાવાળી જગ્યાએથી આરોપીને સંડોવતી કોઈ જ હકીકત મળી આવેલ નથી, માત્ર તેઓની ફરજના ભાગરૂપે પંચનામું કરેલ હોય તેવું જણાય છે. વધુમાં આ સાહેદે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી અને માત્ર જી.ઇ.બી. કર્મચારીના નિવેદનો સને-૨૦૨૪ ના વર્ષમાં લીધેલા અને માત્ર ફોર્મલ તપાસ કરી હોય તેવું

જણાય છે. તેથી આ સાહેદનો પુરાવો પણ ફરિયાદપક્ષને વિશેષ મદદરૂપ થતો નથી.

**૧૪.** ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સનો સિદ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે પોતાનો કેસ પોતાના પગ ઉપર ઉભા રહીને સાબિત કરવો પડે. ફરિયાદ પક્ષ આરોપીનાં નબળા બચાવનો લાભ લઈ શકે નહીં. જો ફરિયાદ પક્ષ પોતાનો કેસ તમામ શંકાઓથી પર રહીને સાબિત કરે તો જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. જો ફરિયાદ પક્ષના કેસમાં અને પુરાવામાં સહેજ પણ શંકા ઉભી થાય તો તેનો લાભ હંમેશા આરોપીને મળે.

**૧૫.** ઉપરોક્ત સિદ્ધાંતને ધ્યાને લઈ ફરિયાદ પક્ષના કેસના સમગ્ર પુરાવાનું એકી સાથે મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આરોપી એમ.જી.વી.સી.એલ. નાં ગ્રાહક ન હોવા છતાં હળવા દબાણની વીજ લાઈનમાં પોતાના ફાયદા સારું અનઅધિકૃત રીતે વીજ વપરાશ કરતા ઝડપાઈ ગયેલ અને ચોરી કરેલ તેવો આક્ષેપ છે. આ કામે આંક-૦૮ ની ફરિયાદ જોવામાં આવે તો હાલના ફરિયાદી પોતે ચેકિંગમાં ગયેલા નથી અને તેઓએ ગુનાવાળી જગ્યાની માલિકી હાલના આરોપીની જ હતી તે સંદર્ભે કોઈ પુરાવો મેળવેલ નથી.

**૧૫.૧.** વધુમાં આ કામે ફરિયાદી અશ્વિનભાઈ શંકરભાઈ ચૌધરીનો પુરાવો જોતા વાયર કબજે કરવામાં આવેલ હોવાનું તથા મુદ્દામાલ પાવતીમાં પણ વાયર કબજે કરેલ હોવાનો ઉલ્લેખ છે, પરંતુ સદર વાયર સીઝર મેમોની વિગતે કબજે કરવામાં આવેલ હોય તેવો કોઈ પુરાવો સદર કામે ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલ નથી. મુદ્દામાલ કબજે કરતી વખતે સીઝર મેમો બનાવવો ફરજિયાત છે. તેથી સદર કબજે કરવામાં આવેલ વાયર હાલનાં આરોપીનાં મકાનમાંથી જ કબજે કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ જ આધારભૂત પુરાવો રજૂ થયેલ નથી તેમજ વાયર કબજે કર્યાનું પંચનામું પણ કરવામાં આવેલ નથી. કોઈપણ ગુનાહિત મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરવો પડે. જો પંચનામું કરવામાં આવેલ ન હોય તો આવી રિકવરી અને સીઝરને

યોગ્ય ગણી શકાય નહીં અને તે અંગે શંકા ઉપસ્થિત થાય. ફરિયાદીની ફરિયાદ તા.૧૯/૦૭/૨૦૧૯ નાં રોજ નોંધવામાં આવેલ છે અને ફરિયાદના અનુસંધાને તેઓનો જવાબ તા.૦૫/૦૮/૨૦૨૪ નાં રોજ નોંધવામાં આવેલ છે તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું તા. ૧૨/૦૪/૨૦૨૫ નાં રોજ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદ તથા અન્ય સાહેદના નિવેદનો પણ વિલંબિત નોંધવામાં આવેલ છે તથા પંચનામું પણ વિલંબિત કરવામાં આવેલ છે. વધુમાં, આ કામે ફરિયાદી દ્વારા જે જગ્યાએ સદર બનાવ બનેલ હોવાનો આક્ષેપ છે તે બનાવવાળી જગ્યાની માલિકી તથા કબજો ભોગવટો કોનો હતો તે દર્શાવતો કોઈ જ રેવન્યુ રેકર્ડ કે અન્ય આધારભૂત પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી. આમ ફરિયાદ પક્ષના કેસની સત્યતા અને વિશ્વસનીયતા અંગે શંકા ઉત્પન્ન થાય છે.

**૧૫.૨** આ કામે ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદ અમીત જયંતીભાઇ પરમારનો આંક-૧૬ નો પુરાવો જોવામાં આવે તો તેઓ વીજ ચેકિંગમાં ગયેલા છે અને તેમણે ચેકિંગ શીટ તૈયાર કરી પ્રાઈવેટ વાયર નાયબ ઈજનેર સમક્ષ જમા કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ સાહેદનો પુરાવો જોતા આ સાહેદ આરોપીના ઘરે રેઈડમાં ગયેલ છે પરંતુ તે ઘરની માલિકી અને કબજો ભોગવટો હાલના આરોપીનો જ હતો તે દર્શાવતો કોઈ રેવન્યુ રેકર્ડ કે અન્ય દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી. તે જ રીતે જે વાયર કબજે કરેલ છે તેનો કોઈ સીઝર મેમો પણ બનાવેલ નથી. આમ, સદર ગુનાવાળી જગ્યાની માલિકી કબજો ભોગવટો આરોપીનો જ હતો અને વીજ ચોરી આરોપીએ જ કરેલી તેમજ વીજ વાયર કબજે કરવામાં આવેલો તે અંગેનો સ્પષ્ટ પુરાવો રજૂ કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. તેવા સંજોગોમાં સાહેદ અમીત જયંતીભાઇ પરમારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર નથી.

**૧૫.૩** તે જ રીતે તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ. શ્રી ઠાકોરભાઈ મોહનભાઈ દેવડાના આંક-૧૭ નાં પુરાવા મુજબ ગુનાવાળી જગ્યા

કોની માલિકીની હતી તે અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી. સ્થળની માલિકી બાબતે તપાસ કરનાર અમલદાર દ્વારા કોઈ જ ચકાસણી કરેલ નથી. આમ, સદર સાહેદ કે જેઓ તપાસ કરનાર અમલદાર સાહેબ છે તેઓની જુબાની ઉપરથી સદર ગુનાવાળી જગ્યાની માલિકી હાલના આરોપીની જ હતી તે અંગે સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે.

**૧૫.૪** વધુમાં, આ કામે કહેવાતો બનાવ તા. ૧૫/૦૭/૨૦૧૯ ના રોજ બનેલ છે. જ્યારે ગુનાવાળી જગ્યાનું પંચનામું તપાસ કરનાર અમલદારે તા. ૧૨/૦૪/૨૦૨૫ ના રોજ એટલે કે ૫ વર્ષ, ૦૮ માસ અને ૨૮ દિવસ બાદ કરેલ છે. ગુનાવાળી જગ્યાના પંચનામામાં આરોપીને સંડોવતી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. માત્ર પંચનામું આરોપીના મકાનનું અને તેની બાજુમાં હળવા દબાણની વીજ લાઈન પસાર થતી હોવાનું કરવામાં આવેલ છે. પંચ સાહેદ પંચનામાની હકીકતોને સંપુર્ણ સમર્થન આપેલ નથી, તેથી પંચનામું સાબિત થતું નથી.

**૧૫.૫** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષ દ્વારા ફરિયાદી અને એમ.જી.વી.સી.એલ. ના કર્મચારીઓના જ નિવેદનો લેવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારે લાગતા-વળગતા સાહેદોના નિવેદનો સને ૨૦૨૪ ના વર્ષમાં લીધેલ છે. બનાવ વાળી જગ્યાની આજુબાજુ અન્ય લોકોના મકાનો પણ આવેલા હતા તેમ છતાં આ કામે કોઈ જ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો લેવામાં આવેલા નથી. જ્યારે સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોય અને તેમ છતાં તેઓના નિવેદનો લેવામાં આવેલ ન હોય તો તે હકીકત ફરિયાદ પક્ષના કેસની સત્યતા અને વિશ્વસનીયતા અંગે શંકા ઉત્પન્ન કરે છે. વધુમાં, ઈલેકટ્રીસીટી એકટની કલમ-૧૩૫ મુજબ વીજ ચોરીની ફરીયાદ ઓથોરાઈઝ વ્યકિત ધ્વારા ડીસકનેકશન કર્યાના ૨૪ કલાકની અંદર આપવી ફરજીયાત છે. આ કામે જોવામાં આવે તો હાલની ફરિયાદ ૪ દિવસ બાદ આપવામાં આવેલ છે તેથી પણ આ ફરિયાદ ટકી શકે તેમ નથી.

**૧૬.** In the case of **Surubha Rambha Vaghela v/s. State of Gujarat and another decided on 18/03/2008**, the Hon'ble

High Court held in para-12 that *"There was no evidence whatsoever to establish that the accused had committed an offence since the Investigating Agency has collected no evidence to show that the premises either belonged to him or he occupied the same in same capacity or the other. Mere presence of his son by itself would not be conclusive of the involvement of the accused in the offence."* Moreover, in para-24 held that *"In the present case, however, I find that prosecution collected no evidence to show that the field on which such unauthorised use was being carried out was of ownership or occupation of the appellant. Independently, also there was no evidence to show that the appellant was responsible for such unauthorised consumption of electricity".*

**૧૭.** In the case of ***State of Gujarat V/s. Digvijaysinh Bhupatsinh Jadeja reported in 2023(3) GLR 2393*** held in para No.11 and 13 as under:

***Para No.11****: "Considering the evidence on record, it has come out that the checking party has not taken any panchnama of the scene of offence nor any muddamal is seized by drawing panchnama to that effect nor in presence of any independent witness, nor statement of the independent persons who are having shops adjacent to the place of incident have been recorded by the checking party and also the complaint of the incident has been lodged belatedly, for which no explanation has been tendered by the complainant. This Court is of the opinion that when a case of theft of electricity is alleged to have been occurred by the electricity Company, and when the checking is conducted, there should be panchnama of the scene of incident to clarify as to what was the position of the Wires and Meter and as to how the theft of electricity has been committed by the offender. Here, apparently panchnama is not drawn, though the muddamal Meter and the Wires are seized, no statement of the persons residing nearby are recorded. The muddamal which was seized was never sent to the police."*

***Para No.13****: "Thus, considering the overall evidence on record and having due regard to the evidence on record, the prosecution has failed not only due to lack of evidence but*

*necessary evidence to prove the case. On re-appreciation of the oral as well as documentary evidence and considering the legal position, it transpires that the prosecution has failed to proved the case beyond reasonable doubt inasmuch as the ingredients of the offence are not proved. Considering the overall oral as well as documentary evidence, the learned Special Judge has rightly acquitted the respondent accused, which in the opinion of this Court is not required to be interfered with, as the impugned judgement and order of acquittal is neither perverse nor arbitrary or illegal."*

૧૮. *In the case of* ***State of Gujarat V/s. Jashwantbhai Thakorbhai Patel reported in 2025(0) AIJEL-HC 250320*** *held in para No.9 as under:*

***Para No.9:*** *On minute appreciation of the entire evidence of the prosecution, prima-facie, it appears that the members of the raiding party, as per the case of the prosecution, had gone for a raid on 21.02.2006 and the wire, as per the panchnama produced at Exh.15, was seized by the Investigating Officer from the complainant Vipinbhai Motibhai Patel on 24.03.2008 between 11.45 to 12.15 hours. The panchnama of the place of offence, which is produced at Exh.19, has been drawn on 03.04.2008 between 14.00 to 14.30 hours and no muddamal was seized from the place of incident. The muddamal wires were seized from the complainant and there are no independent witnesses to the incident, even though as per the case of the prosecution,the place where the raid had taken place was a congested area and having a number of persons residing around. Moreover, the Investigating Officer and the complainant did not find any evidence of the ownership of the house and whether the house, in fact, belonged to the accused. The wire that has been seized by the Investigating Officer from the complainant is easily available in the market and there is no iota of evidence to connect the accused with the offence.*

૧૯. આમ, ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો અને ફરિયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા સ્થળ ઉપર જનાર અમીત જયંતીભાઇ પરમારનો પુરાવો જોતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતો જોતા ફરિયાદ પક્ષ એ હકીકત

નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, જે કહેવાતા મકાનમાં જે વીજ ચોરી માલૂમ પડેલ હતી તે આ આરોપીના કબજા ભોગવટાવાળું હતું તેમજ કહેવાતો જે વીજ વાયર કબજે કરવામાં આવેલ હતો તે વીજ વાયર સ્થળ ઉપરથી કબજે કરવામાં આવેલ છે તેમજ કહેવાતી ચોરી માત્ર અને માત્ર હાલના આરોપી દ્વારા જ કરવામાં આવેલ હતી. આમ, ફરિયાદ પક્ષ આરોપી વિરુદ્ધ પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે અને તેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવું છું અને મુદ્દા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરું છું.

**–:: હુ ક મ ::–**

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૩૫(૧) મુજબ આરોપી **સોમાભાઇ મોહનભાઇ ચૌહાણ**ને ધી ઇલેકટ્રીસીટી એકટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫(૧)(એ) ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ– ૪૩૭ (એ) મુજબ આરોપીએ સદર હુકમ સામે અપીલ થાય તો રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂા. પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકમ છ માસના સમય સુધીના રજુ કરવા.

**૩.** મુદ્દામાલ વાયર અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ તા.૦૬ ઠ્ઠી, માહે:– માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬.૦૩.૨૦૨૬
સ્થળ:-નડીયાદ.

**(મહંમદસિરાજ એલ.શેખ)**
સ્પેશ્યલ જજ (ઇલેકટ્રીસીટી) અને
પાંચમા અધિક સેશન્સ જજ,
નડીયાદ.
કોડ નં.જીજે-૦૦૭૪૩.

(બી.બી.ત્રિવેદી)